



## ધાનેરામાં નથાભાઈ પટેલના વિજય સરઘસે આકર્ષણ જમાવ્યું

ધાનેરા વિધાન સભા સીટ કોંગ્રેસના ઉમેદવાર વિજેતા બનતા ધાનેરાના લોકોમાં ભારે ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો દ્વારા નથાભાઈ પટેલ નું ધાનેરા માં ભવ્ય સ્વાગત કરી વિજય સરઘસ નીકાળ્યું હતું. ધાનેરા વિસ્તાર ના મતદારોએ આયાતી ઉમેદવાર ને જાકારો આપી જાણે ધાનેરા સ્થાનિક ઉમેદવાર ઉપર વિજય નો કળશ ઢોળ્યો છે ત્યારે આજે ધાનેરા માં સ્થનિક ઉમેદવાર નો વિજય થતા સમગ્ર ધાનેરા માં ભારે ખુશી નો માહોલ જોવા મળ્યો હતો અને વિજેતા ઉમેદવાર ધાનેરા આવે તે પહેલા ધાનેરા થી પાંચ કિલોમીટર સુધી ના રસ્તા લોકો થી ઉભરાવવા લાગ્યા હતા અને નથાભાઈ પટેલ નું ધાનેરા ના સામરવાડા ગામે હજારો ની સંખ્યા માં લોકોએ ભેગા મળી સ્વાગત કર્યું હતું અને ત્યાંથી ભવ્ય વિજય સરઘસ નીકાળ્યું હતું આ વિજય સરઘસ સામરવાડા થી ધાનેરા શહેર ના જાહેર માર્ગો ઉપર ફર્યું હતું અને ઠેર-ઠેર લોકો દ્વારા ફુલહાર થી નથાભાઈ નું સ્વાગત કર્યું હતું ત્યારે વિજેતા ઉમેદવારે પણ લોકો નો ખુબખુબ આભાર માન્યો હતો અને ધાનેરા નો સારો વિકાસ કરવાની ખાતરી આપી હતી.

# ઊંઝા-બેચરાજી બેઠકો કોંગ્રેસે આંચકી જ્યારે કડી-વિજાપુર ભાજપે આંચકી

ઊંઝા, તા. ૧૯

ગુજરાત વિધાનસભાની મહેસાણા જિલ્લાની કુલ સાત બેઠકોના પરિણામો જાહેર થતાં ગત ૨૦૧૨ની જેમ ૨૦૧૭માં પણ ભાજપ અને કોંગ્રેસે સરખી બેઠકો જાળવી રાખી છે. જિલ્લામાં પાટીદારોનું વર્ચસ્વ ધરાવતી બેચરાજી અને ઊંઝા બે બેઠકો ભાજપ પાસેથી કોંગ્રેસે આંચકી લીધી છે. તો કડી (અ.જા.) બેઠક કોંગ્રેસ પાસેથી ભાજપે આંચકી લીધી છે. સને ૧૯૯૫થી ઊંઝા વિધાનસભા સીટ પર ભાજપનો દબદબો રહ્યો હતો પરંતુ ૨૦૧૭ના વર્ષની ચૂંટણીમાં ભાજપ તરફથી સતત છઠ્ઠીવાર ચૂંટણી લડી રહેલા વર્તમાન પીઢ ધારાસભ્ય નારણભાઈ એલ. પટેલની કારમી હાર થઈ છે. અને કોંગ્રેસના મહિલા ઉમેદવાર ડૉ. આશાબેન પટેલ ૧૯૫૨૯ મતોની જંગી સરસાઈથી વિજયી થયા છે. ઘણા વર્ષો બાદ ઊંઝા બેઠક પર કોંગ્રેસની ઐતિહાસિક જીત થતાં શહેરના જુદા જુદા વિસ્તારોમાં કોંગી આગેવાનો-કાર્યકરો, સમર્થકોએ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરી હતી. કહે છે કે ઊંઝામાં કોંગ્રેસની જીતને લઈને લાખો રૂપિયાનું દારૂખાનુ ફોડવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં કુલ સાત સીટો પૈકી બેચરાજી અને ઊંઝા બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો અનુક્રમે ભરતજી ઠાકોર અને ડૉ. આશા પટેલ વિજયી થયા હતા. જ્યારે મહેસાણા બેઠક પર રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, ખેરાલુ બેઠક પર ભરતસિંહ ડાભી, વિસનગર બેઠક પર ઋષિકેશભાઈ પટેલ, વિજાપુર બેઠક પર રમણભાઈ પટેલ અને કડી (અ.જા.) સીટ પર કરસનભાઈ સોલંકી પાંચેય ભાજપના ઉમેદવારોની જીત થઈ હતી. આમ જિલ્લામાં સાત બેઠકો પૈકી પાંચ બેઠકો ભાજપને અને બે બેઠકો કોંગ્રેસને ફાળે ગઈ છે. જિલ્લામાં ભાજપનું વર્ચસ્વ ધરાવતી કેટલીક બેઠકો પૈકી બે બેઠકો પર ભાજપને ધોબી પછાડ મળી છે.

જિલ્લામાં મતોની સરસાઈમાં સૌથી વધુ ૨૧૪૧૫ મતોની લીડથી ભાજપના ઉમેદવાર ખેરાલુ બેઠક પરથી વિજેતા થયા છે. જ્યારે સૌથી ઓછી ૧૧૬૪ મતની સરસાઈથી વિજાપુર બેઠક પર ભાજપના ઉમેદવારે જીત મેળવી છે. જ્યારે ઊંઝા બેઠક પર કોંગ્રેસના મહિલા ઉમેદવાર ૧૯૫૨૯ મતોથી વિજયી થયેલ છે. જિલ્લામાં ભાજપના બે પૂર્વ પ્રધાનો રજનીકાંત પટેલ અને નારાયણભાઈ પટેલની કારમી હાર થતાં રાજકીય વર્તુળમાં સોંપો પડી ગયો છે.





## અરવલ્લી જિલ્લામાં શ્રમ દિવસની અનોખી ઉજવણી

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં સુથાર એસોસિએશનના સદસ્યો અને સુથારીકામ સાથે સંકળાયેલા કારીગરોએ ૧૯, ૨૦, ૨૧ ડિસેમ્બર શ્રમ દિવસ તરીકેના પ્રથમ દિવસે એક ખાનગી કંપનીની સ્પોનશરશિપ હેઠળ જરૂરિયાતમંદ શાળા-કોલેજોમાં બેંચીસ અને પાટલીઓ વિના મુલ્યે રીપેરીંગ કરી આપી ત્રણ દિવસ જિલ્લાની શાળા કોલેજમાં શ્રમયજ્ઞ હાથ ધરશે તેમ મયુરભાઈ પંચાલે જણાવ્યું હતું.

## શામળાજીમાં નિઃશુલ્ક પ્લાસ્ટિક સર્જરી કેમ્પ યોજાયો

મોડાસા, તા.૧૯

અરવલ્લી જિલ્લામાં શામળાજીમાં નિઃશુલ્ક પ્લાસ્ટિક સર્જરી કેમ્પ યોજાયો હતો. જેમાં પંથકના જરૂરતમંદ દર્દીઓએ લાભ લીધો હતો. શામળાજીની ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ફોર સેવા હોસ્પિટલ ખાતે મુંબઈની સ્ટાન્ડર્ડ ગ્રીસીસ એન્ડ સ્પેશિયાલિટીસ પ્રા. લી. તેમજ ડો. જય અને ટીના જીંદાલ યુ.એસ.એ.ના સૌજન્યથી યોજાયેલ આ નિઃશુલ્ક પ્લાસ્ટીક સર્જરી કેમ્પમાં ફાટેલા હોઠ અને ચિરાયેલા તાળવાના ૨૨ ઓપરેશન વિના મૂલ્યે કરવામાં આવ્યા હતા.

સ્વાભાવિક રીતે રૂ. ૫૦ હજારના ખર્ચે થતા આ ઓપરેશન નિઃશુલ્ક કરાયાં હતા. અત્યાર સુધીમાં આ હોસ્પિટલ ખાતે વિવિધ નિઃશુલ્ક કેમ્પો દ્વારા ૩૨૨ જેટલા પ્લાસ્ટિક સર્જરી ઓપરેશન કરવામાં આવ્યા હતા. શામળાજીની આ હોસ્પિટલ આરોગ્ય વિષયક સેવાઓ માટે આગવું સ્થાન ધરાવે છે.

આ કેમ્પમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા ડો. એમ.એન.એફ. શેખ, ડૉ. માનવ સૂરિ તેમજ પ્લાસ્ટિક સર્જરી વિભાગની ટીમ તેમજ એનેસ્થેટિક ડો. અતુલ ગાંધી વગેરેએ સેવાઓ આપી હતી.





## કાંકરેજના ભાજપના વિજયી ઉમેદવારનો શુભેચ્છકોની ભારે ભીડ

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ વિધાનસભા-૧૫ના ભારતીય જનતા પાર્ટીના વિજયી બનેલ કિર્તીસિંહ વાઘેલાના માદરેવતન કાંકરેજના ખારિયા ગામે તેમના ફાર્મહાઉસ ઉપર વિજયના વધામણાં થતાં શુભેચ્છા પાઠવવા માટે મોટી સંખ્યામાં દરેક સમાજના આગેવાનો અને લોકો ઉમટી પડ્યા હતા. ફૂલહાર અને શાલથી કિર્તીસિંહ વાઘેલાનું ઉષ્માભર્યુ સ્વાગત કાંકરેજ સહિત બનાસકાંઠા જિલ્લાની પ્રજાએ કર્યુ હતુ. જો કે ભાજપના ઉમેદવાર કિર્તીસિંહ વાઘેલા જે એક એવો ચહેરો છે જે દરેક સમાજને સાથે રાખી ચાલનાર છે અને તેઓ નાત-જાત-ભેદભાવમાં બિલકુલ માનતા નથી જેથી દરેક સમાજ તેમને ચાહે છે. ત્યારે ૨૦૧૨માં સામાન્ય મતોથી હાર થતાં વર્ષ ૨૦૧૭માં પુનઃ રિપીટ થતાં જંગી બહુમતીથી કાંકરેજની દરેક સમાજની પ્રજાએ ખોબલે ખોબલે મત આપી વિજયી બનાવતાં આજે આનંદની હેલી ઉભરાણી છે. ત્યારે ગુજરાત સરકારના મંત્રી મંડળમાં કિર્તીસિંહ વાઘેલા એક મંત્રી તરીકે કમાન સંભાળે તેવી લોકલાગણી સાથે માંગ ઉઠી છે. જો કે સતત લોકોના પ્રશ્નોને વાચા આપી નિરાકરણ લાવનાર કિર્તીસિંહ મંત્રી બને તો નવાઈ નહિ.

# ધાનેરામાં લાખો રૂપિયાના દારૂ સાથે ૩૪ લાખ કરતા પણ વધુના મુદ્દામાલ સાથે એકની અટકાયત

ધાનેરા, તા. ૧૯

ધાનેરા પોલીસે લાખો



રૂપિયાના દારૂ સાથે એક આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ આ દારૂ ચૂંટણી માટે આવી રહ્યો હતો કે પછી અન્ય જગ્યાએ લઈ જવાતો હતો તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

ધાનેરા પોલીસ મથકના પીઆઈ તરીકે ફરજ બજાવતા આર. કે. પાઠકની કામગીરીથી ધાનેરાના લોકો ખુશ થઈ રહ્યા છે અને તેમને અભિનંદન પણ આપી રહ્યા છે. ત્યારે થોડા દિવસ અગાઉ પણ લાખો રૂપિયાનો દારૂ ઝડપી બુટલેગરો સામે લાલ આંખ કરી હતી. ત્યારે હવે ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીનું બીજા તબ્બકાનું મતદાન પુરૂ થઈ ગયું છે. ત્યારે રાજેસ્થાન તરફથી આવી રહેલી ટ્રેઈલર નંબર પીબી.૦૩.એક્ષ.૫૭૩૬ની તલાશી લેતા ગાડીમાં બિયારણના બટાકાના કટ્ટા નીચેથી દારૂની પેટી નંગ ૪૧૦



અને બોટલ નંગ ૧૧૮૩૨ જેની કિંમત ૧૯ લાખ ૬૮ હજાર અને ગાડીની કિંમત ૧૫ લાખ કુલ મળી ૩૪ લાખ ૬૮ હજાર નો મુદમાલ સાથે ગાડીના ચાલાક મુખ્તિયારસીંગ ગુરુબચ્ચનસિંહ જાતે શીખને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્યારે તો ધાનેરા પોલીસે દારૂ સાથે ૩૪ લાખનો મુદમાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ આ દારૂ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

## મોડાસા ખાતે ૨૪મીએ મફત નેત્રનિદાન કેમ્પ યોજાશે

સ્વ. ડૉ. નાથાલાલ જે. શાહના સ્મરણાર્થે તેમજ સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને અન્નપૂર્ણા ટ્રસ્ટ મોડાસાના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અન્નપૂર્ણા ટ્રસ્ટના પ્રમુખ ડૉ. અરૂણભાઈ એન. શાહે જણાવ્યું હતું કે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાને કેટરેકટ ફ્રી ઝોનમાં મુકવા માટેની અમારી આ મથામણ છે. જેના પરિપાક રૂપે મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન તા. ૨૪મી ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું છે. અન્નપૂર્ણા ટ્રસ્ટ મોડાસા પચ્ચીસ વર્ષ પૂરા કરે છે ત્યારે ગરીબો માટે અને દર્દીઓના સગાને રૂપિયા બે માં ટીફીન આપનારી અન્નપૂર્ણા ટ્રસ્ટના સેવાકાર્યથી સાબરકાંઠા-અરવલ્લીની પ્રજા સારી રીતે વાકેફ છે. કેન્સર નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પનું ભવિષ્યમાં આયોજન છે તેમ ટ્રસ્ટી સુભાષભાઈ શાહે જણાવ્યું હતું.

## નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

તમારી આવનારી ક્રિસમસ સુંદર અને અનોખી નીવડે. તે પછી તે થોડાં નાનાં બાળકો તરફ ગયા. અને તેમને ઈન્જેકશન અને ગોળીઓના આકારના રમકડાં અને ચોકલેટ આપતાં પોતાની દાઢી ને સહેલાવી નાચતાં ગાતાં બોલ્યાં.

'છોકરા રે... છોકરા રે વાત કહું બહુ કામની
ભણો ગણો ને આગળ વધો, વાત કરો તમે જ્ઞાનની
મા-બાપ પણ સમજે એવી છે તંદુરસ્તીની વાતની,
મારે ગિફ્ટ તમને દેવી છે સમજદારીની શાનની'

બાળકોની સાથે માતા-પિતા તે પણ શાંતા ક્લોજની આ વાત ગમી. અને માતા-પિતા એ શાંતા ક્લોઝને વચન આપ્યું કે તેઓ પોતાનાં બાળકોને સમયસર ટીકાકારણ કરાવશે અને દવાઓ આપશે. તે સાથે તેમને ભણાવશે જેની બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને. તે પછી શાંતાક્લોઝે બધાં ને ભેટો અને ચોકલેટ વહેંચી. અમુક નાનાં બાળકોને તેડ્યા, વ્હાલ કર્યું અને આવનાર જીવનની શુભકામનાઓ આપી. બાળકોએ પણ ભેટી મળ્યા પછી પછી પ્રેમથી તેમને વિદાય કર્યા. ત્યાંતી નીકળતા શાંતાક્લોઝને હવે એક અદ્દભૂત સંતુષ્ટિનો અહેસાસ થયો.

આજ તેમને પોતાના હૃદયમાં એક અલગ ખુશીનો અનુભવ થયો હતો. તે પછી તેઓ ત્યાંથી અન્ય બાળકોની તરફ ચાલી નીકળ્યા. તેમનું પહેલું મિશન કામયામ થયું હતું. તેમણે જાતે સંકલ્પ કર્યો કે આજના દિવસે અનેક બાળકો અને તેમના માતાપિતાને ભેટોની સાથોસાથ એક સમજણ અને જ્ઞાન આપવાનું કામ કરવું છે જેથી બાળકો બાળપણથી સ્વસ્થ રહે તે માટે જરૂરી દવાઓ અને ઈન્જેકશનનો અપાવવાની જરૂર છે. આ વિચાર કરતા હતા ત્યારે તેમની સામે ફરી એકવાર એડવીનનો ચહેરો સામે આવી ગયો. શાંતાક્લોઝે હાથ વડે આંખમાં આવેલું આંસુ ને લુછ્યાં અને તે સૌને ખુશીઓ વહેંચવા આગળ વધી ગયા.

## PUBLICE NOTICE

Company's Name : FIBER WEB (India) Ltd.

Regd.Office of the Company : Sharex Dynamic (India) Pvt. Ltd.
1, Luthara Ind. Premises, Andheri Kurla Road, Andheri (E), Mumbai-400072

Notice is hereby given that the certificate(s) for the mentioned securities of the Company have been lost/misplaced and the holder(s) of the said securities have applied to the Company.

Any person who has claim in respect of the said securities should lodge such claim with the company at its Registered Office with in 15 days from this date, else the company will proceed to issue duplicate share certificate(s) without further intimation.

| Name of theHolder | Folio No. | Kind of securities & Face value | No. Of Securities | Distinctive Nos. | Certificate Nos. |
|---|---|---|---|---|---|
| Manubhai Purshottamdas Patel | MP00150 | 45,000 | 180 | 6245317-6245496 | 3039 |

Place : Dabhoda
Date : 19-12-2017

શ્રી વિવિધલક્ષી યુવા વિકાસ ટ્રસ્ટ સંચાલિત
શ્રી ઉમિયા વિદ્યા વિહાર સંકુલ
શ્રી ઉમિયા બી.એડ. કોલેજ, ગણેશપુરા
શ્રી ઉમિયા પી.ટી.સી. કોલેજ, ગણેશપુરા
શ્રી ઉમિયા પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક (વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ)
શ્રી અવિષા શૈલેષભાઈ જોગાણી બાલમંદિર
પોલીસ હેડક્વાટર્સ પાછળ, ગણેશપુરા, પાલનપુર



ગીરીશભાઈ જગાણીયા
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
ઉમિયા વિદ્યાવિહાર તથા ટ્રસ્ટીશ્રીઓ
તેમજ ઉમિયા વિદ્યાવિહાર પરિવારજનો

નેનાવા ગ્રામ પંચાયત
મુ.નેનાવા, તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
દેવડા કમળાભાઇ ગેનસિંહ — સરપંચ
પટેલ નરસિંહભાઇ મોહનભાઇ — ડે.સરપંચ
એફ.વી. ચૌધરી — ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

રામપુરા (મોટા)ગ્રામ પંચાયત
મુ. રામપુરા(મોટા), તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
શ્રીમતી ઠાકોર અમરબેન સવાજી — સરપંચશ્રી
એફ.વી. ચૌધરી — ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

જીવાણા ગ્રામ પંચાયત
મુ.જીવાણા, તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
પટેલ તળશાભાઇ પુરાભાઇ — સરપંચ
ભરતભાઇ એ.પંડ્યા — ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

કુંમર ગ્રામ પંચાયત
મુ.કુંમર, તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
ડાભી કાન્તિભાઇ ખેમાભાઇ — સરપંચ
ફાલ્ગુનભાઇ ચૌધરી — ઇન્ચાર્જ-ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

ગોલા ગૃપ ગ્રામ પંચાયત
મુ.ગોલા, તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
ભોગરા જબરીબેન ઓખાભાઇ — સરપંચ
ભરતભાઇ એ. પંડ્યા — ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

મોટામેડા ગ્રામ પંચાયત
મુ.મોટામેડા, તા.ધાનેરા, જી.બ.કાં.
★ ગામને સ્વચ્છ રાખવામાં સહકાર આપો,
★ સ્વચ્છતા ત્યાં પ્રભુતા,
★ પંચાયતના વેરા નિયમિત ભરો,-વૃક્ષ વાવો અને વરસાદ લાવો.
શ્રીમતી પાર્વતીબેન અમરાભાઇ ધુણિયા — સરપંચ
મહેન્દ્રભાઇ વી. ચૌધરી — ત.ક.મંત્રી
તથા કારોબારી સભ્યશ્રીઓ

ભીલ આદિવાસી યુવા સમાજ
સેવા ટ્રસ્ટ ધાનેરા (સમગ્ર ભારત)
રજી નં.એ૪૧૪ તા.૨૭-૭-૦૧૪
પ્રતાપ રાણા (ખાપરોળ) — પ્રમુખશ્રી
દિનેશ રાણા — સલાહકાર
રમેશ મકવાણા — મંત્રી (સરાલ)
આયદાન રાણા — ઉપપ્રમુખ (ધાનેરા)

ગાંધીનગર સમાચારના
સૌ વાચકોને હાર્દિક
શુભેચ્છાઓ....



કમળાબેન મફતભાઈ જોષી
(ઉપપ્રમુખ)
મહિલા મોરચા
ભારતીય જનતા પાર્ટી
ધાનેરા શહેર



મફતભાઈ પીતાંબરભાઈ જોષી
(પૂર્વ ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી, ધાનેરા)
તાલુકા પંચાયત
ધાનેરા